ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# હરિયાળીના કારણે ગાંધીનગરના તાપમાનમાં દોઢ-બે ડિગ્રીનો તફાવત

ગાંધીનગર, તા. ૧

ઠંડીના મામલે ગાંધીનગર સમગ્ર રાજ્યમાં ઘણીવાર પ્રથમ ક્રમે પહોંચી જાય છે. પરંતુ ખુલ્લા મેદાનો અને હરિયાળી શહેરને ગરમીથી બચાવે છે તે એક હકીકત છે. અમદાવાદ અને ગાંધીનગર એકદમ નજીક છે પરંતુ અમદાવાદમાં હંમેશા ગાંધીનગર કરતા દોઢ-બે ડિગ્રી જેટલુ તાપમાન ઉંચુ રહે છે. અડીને આવેલા હોવા છતાં બંને શહેરોનું મહત્તમ અને લઘુત્તમ તાપમાન અલગ અલગ નોંધાય છે. અમદાવાદમાં વૃક્ષોની સંખ્યા ઓછી છે અને પ્રદૂષણ પણ વધુ હોવાથી ઉનાળા દરમ્યાન અહીં ખુબ ગરમી પડે છે. આથી ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે તાપમાનમાં દોઢ-બે ડીગ્રી જેટલો તફાવત રહે છે.



(તસવીર : દિપક જાની)

**ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે તાપમાનનો તફાવત**

| ગાંધીનગર | અમદાવાદ |
|---|---|
| ૩૯.૮-૨૩.૦ | ૪૦.૪.-૨૪.૭ |
| ૪૧.૮-૨૪.૦ | ૪૩.૦ |
| ૪૨.૫-૨૪.૦ | ૪૪.૦ |
| ૪૨.૬-૨૨.૦ | ૪૩.૨-૨૫.૫ |
| ૪૨.૩-૨૭.૦ | ૪૩.૦-૨૭.૦ |

વિકાસના નામે ગાંધીનગરમાં ઘણા વૃક્ષોનું છેદન થયુ પરંતુ હજુ પણ શહેરમાં ઘણા બધા વૃક્ષો છે. વળી બગીચાઓ અને ખુલ્લા મેદાનોની સંખ્યા પણ ઘણી છે. ગાંધીનગરમાં ટ્રાફીકની અવરજવર ઓછી રહે છે જેથી પ્રદૂષણ ઓછુ થાય છે. આ બધા જ કારણોસર ગાંધીનગરમાં અન્ય શહેરો કરતા ગરમી ઓછી પડે છે. ગાંધીનગર અને અમદાવાદને ટ્વીન સીટી કહી શકાય. બંને શહેરો એકબીજાને એકદમ રાત્રે ગાંધીનગરમાં ઠંડક છવાઈ જાય છે અને સવારે પણ આહલાદક વાતાવરણ હોય છે.

જ્યારે અમદાવાદમાં જાણે ૨૪ કલાક ગરમી પડતી હોય તેવુ લાગે છે. છેલ્લા કેટલાક દિવસોના મહત્તમ અને લઘુત્તમ તાપમાનની સરખામણી કરીએ તો આ હકીકતને જાણી શકાય છે. અમદાવાદ ભલે મોટુ શહેર કહેવાય પરંતુ રહેવા માટે તો આદર્શ સીટી ગાંધીનગર જ છે. અહીંની હરીયાળી અને આહ્‌લાદક વાતાવરણ રહેવા માટે એકદમ અનુકૂળ છે.

# મનપાની સામાન્ય સભામાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે ચકમક

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મહાનગર-પાલિકામાં પક્ષાંતર ધારાના દોઢ વર્ષના લાંબા કાનૂની જંગ બાદ આજે મળેલ સામાન્ય સભા પહેલાં અને સામાન્ય સભામાં પણ વધુ એક વખત મેન્ડેટને લઈ ભાજપ કોંગ્રેસના સભ્યો વચ્ચે ઘર્ષણ થવા પામ્યું હતું.

બેઠક શરૂ થતાં પહેલાં કોંગ્રેસના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડા, શ્રી હસમુખભાઈ મકવાણા, શ્રી પ્રવિણભાઈ પટેલ સહિતના સિનીયર સભ્યો મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા અને તેમની સાથે પક્ષાંતર કરી ગયેલા બે સભ્યોને મેન્ડેટ આપવા જતાં સામાન્ય ઘર્ષણ ભાજપ-કોંગ્રેસના આગેવાનો વચ્ચે થયું હતું.

જો કે આ દરમિયાન મેયર અને ડે. મેયરને મેન્ડેટની બજવણી કરવામાં કોંગ્રેસના સભ્યો સફળ રહ્યાનો દાવો પત્રકારો સમક્ષ કોંગી નેતાઓએ કર્યો હતો.

આ પછી સામાન્ય સભા શરૂ થતાં પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડાએ પક્ષના મેન્ડેટની નકલ સચિવને આપવા જતાં તેમણે તે લેવાનો ઈન્કાર કરી જણાવ્યું હતું કે તે તમારો આંતરિક મામલો છે તમે બજાવી દો.

સામાન્ય સભા રાજકીય ઉત્તેજનાઓ વચ્ચે વંદેમાતરમ્‌ના ગાનથી શરૂ થઈ હતી.

વંદેમાતરમ્ બાદ મેયરે સભ્યોને આવકારી અને ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવાના આદેશ આપ્યા હતા. આ પછી તુરંત જ પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડાએ પક્ષના મેન્ડેટ વાંચવાની મંજુરી માંગી હતી અને તે વાંચવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ પણ શ્રી વિંઝુડાને જણાવ્યું હતું કે મેન્ડટ એ તમારી રાજકીય પક્ષની ઓફિસમાં વાંચવાનો હોય સામાન્ય સભામાં નહિ તેમ કહી ચૂંટણી પ્રક્રિયા હાથ ધરી મેયર પદ માટે મળેલી દરખાસ્તોનો ઉલ્લેખ કરી મતદાન માટે રજુ કરી હતી.

આમ દોઢ વર્ષ બાદ પણ મેન્ડેટને લઈ કોંગ્રેસના સભ્યો અને ભાજપના સભ્યો વચ્ચે રાજકીય વાકયુધ્ધ છેડાયું હતું. જો કે મતદાનની પ્રક્રિયા શરૂ થતાં શ્રી વિંઝુડા પુરો મેન્ડેટ વાંચી શકયા ન હતા.



(તસવીર : દિપક જાની)

# ગટરની સફાઇ માટે સુપર સકર મશીન ખરીદવાની દરખાસ્ત ત્રણ વર્ષથી અદ્ધરતાલ

## મેનપાવર અને મશીનરીના અભાવે સેકટરોમાં ગટરોની ફરિયાદોનુ ઝડપભેર નિરાકરણ આવતુ નથી

ગાંધીનગર,તા ૧

શહેરમાં ગટર સફાઈના મામલે ફરિયાદોનુ ઝડપભેર નિરાકરણ આવી શકતુ નથી.તંત્ર પાસે પુરતો મેનપાવર અને મશીનરી ન હોવાના લીધે ગટરોની સમસ્યા શિરદર્દ સમાન બની છે.ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ ગટરસફાઇ માટે જરૂરી મશીનરી ઉપલબ્ધ કરી શકાઇ નથી.જેટીંગ મશીન પણ પર્યાપ્ત નથી જયારે સુપર શકર મશીન ખરીદવાની દરખાસ્ત પણ ધૂળ ખાય છે. વિભાગ કક્ષાએથી કોઇ નિર્ણય લેવાતો નથી.

ગાંધીનગરમાં દાયકાઓ જૂની ગટરલાઇનના લીધે તંત્ર માટે પેચીદી સમસ્યાઓ ઉદભવી છે.સેકટરોમાં છાશવારે ગટરો ઉભરાવવાની ફરિયાદો ઉઠવા પામે છે. ગટરો ઉભરાતા સેકટરોમાં છાશવારે ગંદકી પ્રવર્તે છે. અસહય દુર્ગંધના લીધે સેકટરવાસીઓ ગુંગળામણ અનુભવે છે. સેકટરોમાં ઉભરાતા દુષિત પાણીના લીધે ખદબદતી ગંદકીની સાથે રાગચાળાની દહેશત ફેલાય છે.બીજીતરફ સેકટરોની ઈન્કવાયરી પણ શોભાના ગાંઠીયા સમાન હોવાથી આમ નાગરિકોની ફરિયાદો તરફ કોઇ ધ્યાન આપતુ નથી. આમ નાગરિકો દ્વારા અનેકવાર ગટરોની સમસ્યા સંદર્ભે રજુઆત કરવામાં આવે છે. આમછતા કોઇ પગલા લેવાતા નથી.ઈન્કવાયરી કચેરીની અણઘડતા વચ્ચે નાગરિકોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. તંત્ર પાસે પણ ગટર સફાઇ માટે જરૂરી મેન પાવર નથી જયારે જેટીંગ મશીન પણ નામના જ છે. અમદાવાદ કોર્પોરેશનની જેમ ગાંધીનગરમાં ગટરસફાઇ માટે જરૂરી મશીનરી ઉપલબ્ધ થઇ શકી નથી. સુપરશકર મશીન ખરીદવાની દરખાસ્ત પણ લાંબા સમયથી ધુળ ખાય છે. આ મશીનની કિંમત અંદાજિત રૂ ૧.૫૦ કરોડ જેટલી છે. લાંબા સમયના અંતે પણ આ દરખાસ્તને મંજુરી આપવામાં આવી નથી. એકબાજુ ગટરલાઇનને અપગ્રેડ કરવાનુ અનિવાર્ય બન્યુ છે. ત્યારે છાશવારે સેકટરોમાં ગટરો ઉભરાવવાની ફરિયાદો ઉઠવા પામે છે. આવા સંજોગોમાં ગટરલાઇન અપગ્રેડ કરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. મેનપાવર અને મશીનરીના અભાવે ગટરની સમસ્યા તંત્રના અધિકારીઓ માટે પણ શિરદર્દ સમાન બની છે.

# એસ.ટી.ના હડતાળીયા કર્મચારીઓનો પગાર કપાશે

## નો વર્ક નો પે ના ધોરણે કર્મચારીઓની રજા નામંજુર

ગાંધીનગર,તા ૧

એસ ટી ના કર્મચારીઓની હડતાળના અનુસંધાને વાહનવ્યવહાર નિગમ દ્વારા કર્મચારીઓની આ માસ સી એલને ગેરકાયદેસર ગણાવી રજાઓ નામંજુર કરવાનો નિર્ણય લીધો છે. નિગમ દ્વારા કર્મચારીઓનો પગાર કપાત કરવામાં



આવશે.

એસ ટી ના કર્મચારી સંગઠન દ્વારા રાડ ટ્રાન્સપોર્ટ બીલના વિરાધમાં ગઈકાલે બસો બંધ રાખી હડતાળ કરવામાં આવી હતી. બસસેવા બંધ રહેતા વાહનવ્યવહાર ખારવાઇ ગયો હતો. જયારે અપડાઉનકર્તાઓએ પણ ભારે હાલાકી ભોગવવી પડી હતી. ચર્ચાના અંતે તા ૩૦ એપ્રિલ રાત્રિના ૯ કલાકથી નિગમના કર્મચારીઓએ હડતાળ સમેટી લીધી હતી. આ મામલે નિગમના જનરલ મેનેજરે જણાવ્યુ હતુ કે કર્મચારીઓની આ હડતાળ ગેરકાયદેસર હોવાથી નો વર્ક નો પે ના ધોરણે તેમની રજાઓ નામંજુર કરવામાં આવે છે. અને તેમનો પગાર પણ કપાત કરવામાં આવે છે.

# સે ૧૦માં જાહેર સેવા આયોગના બિલ્ડીંગનુ બાંધકામ આરંભાયુ

## ૬ મજલાના ભવન નિર્માણ માટે ૨૫ કરોડનો ખર્ચ થશે : પરિક્ષા માટે હોલ, કામ્પ્યુટર લેબ, કેન્ટીન, લીફટ તેમજ આંતરિક રસ્તાઓ સહિતની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાશે

ગાંધીનગર તા ૧

સો ૧૦ માં જાહેરસેવા આયોગના બિલ્ડીંગનુ બાંધકામ શરૂ કરી દેવાયુ છે. ૬ મજલાના બિલ્ડીંગના નિર્માણ પાછળ અંદાજિત રૂ. ૨૫.૭૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે. એક વર્ષમાં બાંધકામ પૂર્ણ કરી દેવાશે. જી પી એસ સી ભવનમાં તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે.

ગાંધીનગરમાં જાહેરસેવા આયોગના બિલ્ડીંગનુ નિર્માણ કામ હાથ ધરવામાં આવ્યુ છે.સે-૧૦ માં ભવ્ય બિલ્ડીંગ બાંધવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. ગત માર્ચ મહિનાથી ભવનનુ બાંધકામ શરૂ કરી દેવાયુ છે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર

● અનુસંધાન પાન-૭ પર

# કડંકટર માટેની ઓનલાઈન ભરતી પ્રક્રિયાના સોફટવેરમાં ખામી

## અનામત ઉમેદવારોને નિયત વય મર્યાદામાં ૫ વર્ષની છુટ મળે છે : જાતિના આધાર માટે ક્રિમીલેયર નંબર આપવા છતાં ઓજસ ઓનલાઈન અરજી સ્વીકારતું નથી : હેલ્પલાઈન માટે આપેલા નંબરો પણ ખોટા હોવાથી ઉમેદવારોમાં ભારે રોષ : અનામત ઉમેદવારો મુંઝવણમાં

ગાંધીનગર, તા.૧

ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમ દ્વારા ખાલી પડેલ ૧૧૬૭બસ કડંકટરની જગ્યાઓ માટે આજથી ઓજસ વેબસાઈટ દ્વારા ઓનલાઈન ભરતી પ્રક્રિયા પ્રારંભ કરવામાં આવી છે. જો કે આ પ્રક્રિયાના પહેલા દિવસે જ સોફટવેરમાં ખામીના કારણે અનામતમાં આવતા ઉમેદવારો વય મર્યાદામાં છુટછાટ માટે ક્રિમીલેયર નંબર સાથેના અરજી ફોર્મ સ્વીકારાતા નથી જેના કારણે ઉમેદવારો કફોડી સ્થિતિમાં મુકાયા છે. વળી, આ વેબસાઈટ પર દર્શાવવામાં આવેલા હેલ્પલાઈન નંબર પર પણ સંપર્ક સાધી શકાતો ન હોવાથી ઉમેદવારોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

રાજયમાં એસટી બસોમાં કડંકટરોની ભારે અછત વર્તાઈ રહી છે. જેને અનુલક્ષીને જીએસઆરટીસી દ્વારા બસ કડંકટરોની ખાલી પડેલ ૧૧૬૭ જગ્યાઓ માટે ઓજસ ઓનલાઈન વેબસાઈટ દ્વારા તા. ૧લી મેથી અરજીઓ મંગાવવામાં આવી છે. અરજી માટે નિયત વય મર્યાદા ૧૮ થી ૩૦ વર્ષની રાખવામાં આવી છે. તેમજ એસસી, એસટી, ઓબીસી અને મહિલા અનામત ઉમેદવારો માટે ૫ વર્ષની છુટ રાખવામાં આવી છે. આ અનામતનો લાભ મેળવવા લાયક ઉમેદવારો ઓનલાઈન અરજી કરે છે. ત્યારે ક્રિમીલેયર નંબર આપવા છતાં સોફટવેરમાં ખામીના કારણે તેમને ગેરલાયક ઠેરવી અરજી સ્વીકારાતી નથી. આ કારણે અનામત ઉમેદવારો મુંઝવણમાં મુકાઈ જવા પામ્યાં છે. જાતિનો આધાર પુરાવો આપવા છતાં 'બર્થ ડેટ ઈઝ નોટ એલિજીબલ' તેવા મેસેજ સાથે અરજી સ્વીકારાતી નથી.

વેબસાઈટ પર નિગમ દ્વારા બે સંપર્ક નંબરો ૦૭૯-૨૫૪૫૩૨૯૫ અને ૦૭૯-૨૫૪૬૦૧૭૫ આપવામાં આવ્યા છે પરંતુ બંને નંબરો અસ્તિત્વમાં નથી તેવા સંદેશ સાથે લાગતા નથી. ભરતી જાહેરાતના પહેલા જ દિવસે આ હાલત થવાથી યુવાન ઉમેદવારોમાં ભારે રોષની લાગણી ફેલાવા પામી છે. રાજય વાહન વ્યવહાર નિગમ દ્વારા આ બાબતે તાકીદે પગલાં લઈ સત્વરે ખામી સુધારવામાં આવે તેવી અનામત ઉમેદવારોમાં માંગ ઉઠવા પામી છે.



ગાંધીનગરમાં આઈ.પી.એલ. જંગ - ઈન્ફોસિટીના લીલાછમ ગ્રાઉન્ડમાં 'ઈન્ફોસિટી પ્રિમિયર લીગ' ક્રિકેટ જંગનો શુક્રવારની સાંજે ઉલ્લાસપૂર્વક વાતાવરણમાં આરંભ થયો હતો. પ્રારંભિક મેચ ગાંધીનગર કલ્ચરલ ફોરમ ઈલેવન અને ઈન્ફોસિટી ઈલેવન વચ્ચે મૈત્રી મુકાબલો યોજાયો હતો. ઈન્ફોસિટી ઈલેવનનો પાંચ વિકેટે વિજય થયો હતો. (તસવીર : દિપક જાની)

# આજથી પોલીસ ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષા

## પીએસઆઈ, એએસઆઈ, લોકરક્ષકની લેખિત પરીક્ષાનો પ્રારંભ થશે : રાજયભરમાંથી અંદાજે ૧.૨૫ લાખ ઉમેદવારો પરીક્ષા આપશે : કુલ છ પેપર લેવાશે

ગાંધીનગર, તા.૧

આવતીકાલે રાજયભરમાં પીએસઆઈ, એએસઆઈ અને લોકરક્ષકની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષાનો પ્રારંભ થશે. જેમાં રાજયમાં અંદાજે ૧ લાખથી વધારે ઉમેદવારો આ લેખિત પરીક્ષા આપશે. ભરતી બોર્ડે પણ પરીક્ષા અંગે સંપૂર્ણ તૈયારીઓ કરી દીધી છે.

આવતી કાલ તા. ૨, ૩ અને ૪ મે ૨૦૧૫ના દરમિયાન રાજયભરમાં વિવિધ પરીક્ષા કેન્દ્રો ખાતે પોલિસ ભરતી બોર્ડ દ્વારા પીએસઆઈ, એએસઆઈ અને લોકરક્ષકની લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આજે યોજાનાર આ સ્પર્ધાત્મક 'ઓએમઆર' પધ્ધતિ વાળી લેખિત પરીક્ષામાં ૩ દિવસ દરમિયાન અંદાજે ૧.૨૫ લાખથી વધારે ઉમેદવારો ભાગ લેશે.

પોલીસ ભરતી બોર્ડ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાના પ્રથમ દિવસે તા. ૨ મે ના રોજ પીએસઆઈ અને એએસઆઈ માટે પેપર-૧ સામાન્ય અભ્યાસ અને પેપર-૨ ગુજરાતીનું લેવામાં આવશે. તા. ૩ મેના રોજ લોકરક્ષક માટે કુલ ૧૦૦ ગુણનું એક માત્ર સામાન્ય અભ્યાસનું પેપર અને એએસઆઈનું કાયદાનું પેપર લેવામાં આવશે. જયારે તા. ૪મે ના રોજ પી.એસ.આઈ. માટે અંગ્રેજી અને કાયદાનું પેપર લેવામાં આવશે. આ પરીક્ષાને અનુલક્ષી પોલીસ ભરતી બોર્ડે પણ તમામ પ્રકારની તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. આ પરીક્ષાને લઈ ઉમેદવારોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.








SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com